RECOGNISING ACHIEVEMENT

**GENERAL CERTIFICATE OF SECONDARY EDUCATION**

# GUJARATI

Reading (Higher Tier)

**THURSDAY 24 MAY 2007**

**H** **2373/02**

Afternoon

Time: 50 minutes

Additional materials: None

*CUP/T25314*

Candidate Name

Centre Number

Candidate Number

**INSTRUCTIONS TO CANDIDATES**

- Write your name, Centre number and Candidate number in the boxes above.
- Answer **all** the questions.
- Use blue or black ink.
- Read each question carefully and make sure you know what you have to do before starting your answer.
- Do **not** write in the bar code.
- Do **not** write outside the box bordering each page.
- WRITE YOUR ANSWER TO EACH QUESTION IN THE SPACE PROVIDED. ANSWERS WRITTEN ELSEWHERE WILL NOT BE MARKED.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks for each question is given in brackets [ ] at the end of each question or part question.
- The total number of marks for this paper is 50.
- Dictionaries are **NOT** allowed.
- There is no Section 1 in this paper.

For Examiner's Use

This document consists of **18** printed pages and **2** blank pages.


© OCR 2007 [100/1299/0] OCR is an exempt Charity

## Section 2

### Exercise 1: Questions 1–4

Read the e-mails below.

Raju's message to the manager of a Gujarati restaurant.

મેનેજર સાહેબ

ગયા શનિવારે હું મારા મિત્ર સાથે મારો જન્મદિવસ મનાવવા તમારા રેસ્ટોરાંમાં જમવા આવ્યો હતો. અમે બધા તમારી સેવા માટે બહુ નારાજ હતા.

અમે પહેલેથી જગા નોંધાવી હતી તો પણ અમારે બેસવા માટે બહુ રાહ જોવી પડી. વળી ખાવાનું પણ ઠંડું હતું.

તો તમે તેના માટે શું કરશો તે જણાવો.

લિ. રાજુ લાડવા

The manager's reply to Raju.

રાજુભાઈ

હું તમારી ખૂબ માફી માગું છું કે તમને અમારા રેસ્ટોરાંમાં ખરાબ સેવાનો અનુભવ થયો. કમનસીબે અમારા બે નોકરો બીમાર હતા.

તમને અગવડ પડી તે બદલ અમારા તરફથી મફત જમવાનું સ્વીકારશો એવી આશા રાખું છું. તમે ક્યારે આવી શકશો તે જણાવો.

લિ. કિશન દવે
મેનેજર

© OCR 2007

Answer the following questions in **English**.

**Example**

**Q.** What did Raju celebrate at the restaurant?

**A.** His birthday.

**1** What were Raju and his friends unhappy about?

______________________________________________________________[1]

**2** What two complaints did he make in his e-mail to the manager?

**(a)** ______________________________________________________________[1]

**(b)** ______________________________________________________________[1]

**3** According to the manager what caused the problem?

______________________________________________________________[1]

**4** What does the manager offer?

______________________________________________________________[1]

[Total: 5 marks]

© OCR 2007

**Exercise 2: Questions 5–11**

નીચેની જાહેરાત વાંચો.

**નવરાત્રીનો તહેવાર ઉજવવા**
**હિન્દુ સમાજ તમને આવકારે છે**

An image has been removed due to copyright restrictions.

Details: photograph of a celebration

- ઉજવણી માટેનો હૉલ મંદિરને અડીને
- દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૧.૦૦
- મન જીતી લે તેવા ગુજરાતનાં સંગીતકારો
- નાસ્તા પાણીની ગોઠવણી. ફરસાણ અને મીઠાઈ ઓછા ભાવે
- તમારા પોતાના દાંડિયા લાવવા વિનંતી
- શનિવારે દાંડિયા હરિફાઈ જુદી જુદી ઉંમરના લોકો માટે
- દસ વર્ષથી નીચેના માટે ખાસ ઈનામ

દરેક સવાલમાં સાચા જવાબ સામે (✓) મૂકો.

| | | | | |
|---|---|---|---|---|
| દાખલો: | ઉજવાય છે... | ક) દિવાળી | ☐ | |
| | | ખ) નોરતા | ✓ | |
| | | ગ) ઈદ | ☐ | |
| **5** | કાર્યક્રમ ગોઠવે... | ક) શીખ મંડળ | ☐ | |
| | | ખ) જૈન મંડળ | ☐ | |
| | | ગ) હિન્દુ મંડળ | ☐ | [1] |
| **6** | હૉલ છે... | ક) મંદિરની હારમાં | ☐ | |
| | | ખ) મંદિરની સામે | ☐ | |
| | | ગ) મંદિરની પાછળ | ☐ | [1] |

© OCR 2007

| | | | | |
|---|---|---|---|---|
| 7 | કાર્યક્રમની શરૂઆત... | ક) પોણા સાત | ☐ | |
| | | ખ) સવા સાત | ☐ | |
| | | ગ) સાડા સાત | ☐ | [1] |
| 8 | સંગીત સાંભળીને... | ક) કંટાળશો | ☐ | |
| | | ખ) ખુશ થશો | ☐ | |
| | | ગ) નારાજ થશો | ☐ | [1] |
| 9 | નાસ્તા છે... | ક) સસ્તા | ☐ | |
| | | ખ) મફત | ☐ | |
| | | ગ) મોંઘા | ☐ | [1] |
| 10 | હરીફાઈમાં ભાગ લેવા દાંડિયા... | ક) હોલમાં ભાડે લેવા | ☐ | |
| | | ખ) હોલમાં વેચાતા લેવા | ☐ | |
| | | ગ) ઘેરથી પોતાના લાવવા | ☐ | [1] |
| 11 | ખાસ ઈનામ છે... | ક) યુવકો માટે | ☐ | |
| | | ખ) મોટી ઉંમરના માટે | ☐ | |
| | | ગ) બાળકો માટે | ☐ | [1] |

[Total: 7 marks]

© OCR 2007

**Exercise 3: Questions 12–19**

નીચેની પરિસ્થિતિઓ અને નિર્ણયો વાંચો. દરેક પરિસ્થિતિ સામે યોગ્ય નિર્ણયનો અક્ષર મૂકો.

Match the situations and decisions.

| | | |
|---|---|---|
| દાખલોઃ | **પરિસ્થિતિ** | **નિર્ણય** |
| | તમે રસ્તામાં એક ગાડીનો અકસ્માત જુઓ છો. | **ઘ** |

| | **પરિસ્થિતિ** | **નિર્ણય** | |
|---|---|---|---|
| **12** | તમારે બહાર જવું છે પણ વરસાદ પડે છે. | | [1] |
| **13** | તમારે નવા મિત્રો બનાવવા છે. | | [1] |
| **14** | તમારાં માતાને તમારા પર ગુસ્સો ચડયો છે. | | [1] |
| **15** | તમને ગળામાં દુખે છે. | | [1] |
| **16** | તમારે તંદુરસ્ત રહેવું છે. | | [1] |
| **17** | તમે મહેનતનું બહુ કામ કર્યું છે. | | [1] |
| **18** | તમારે ખૂબ જ મોંઘી રજાઓ પર જવું છે. | | [1] |
| **19** | કોઇએ તમારું પાકીટ ચોરી લીધું છે. | | [1] |

[Total: 8 marks]

© OCR 2007

# નિર્ણયો

ક તેના માટે ફુલ લાવો.

ખ પોલીસને ફરિયાદ કરો.

ગ આરામ કરો.

~~ઘ~~ એમબ્યૂલન્સને ફોન કરો.

ચ જોડણીકોશ શોધો.

છ દવાની દુકાને જાવ.

જ ઘણા પૈસા બચાવો.

ઝ યુવક કલબમાં જોડાવ.

ટ છત્રી શોધો.

ઠ જિમમાં કસરત કરો.

© OCR 2007

## Section 3

**Exercise 1: Questions 1–6**


નીચેનો લેખ વાંચો.

# ટેલિવિઝનના ફાયદા અને ગેરફાયદા

ટીવીનો જો શિસ્તપણે વપરાશ થાય તો બાળકો તેમાંથી ઘણું જ્ઞાન સાથે મનોરંજન મેળવી શકે. ઘણાં કાર્યક્રમો ખાસ શિક્ષણ બારામાં જ હોય છે અને માબાપ બાળકો સાથે બેસીને તે જોઈ શકે તો ઘણું સારું.

મારો અભિપ્રાય છે કે ઘણાં બાળકો ટીવીમાં વધારે પડતું ધ્યાન આપે છે અને માબાપ પોતાના કામમાં રોકાયેલા હોવાથી ખ્યાલ નથી રાખતા કે બાળકો કેટલા કલાકો આ ખોખા સામે ગાળે છે.

શિક્ષકો માને છે કે આજે ઘણાં કુટુંબોમાં તો જમવાનું પણ ટીવી સામે જ હોય છે. આથી ઘરમાં એકબીજા સાથે બોલચાલ વગર બાળકોને સમાજમાં કઈ રીતે ભળવું તે ખબર નથી હોતી. વળી વાંચન માટે બહુ ઓછો સમય રહે અને મોડે સુધી યોગ્ય ન હોય તેવા કાર્યક્રમ જોઈને બીજે દિવસે નિશાળમાં ભણવામાં ધ્યાન ન રહે. તે બરાબર નથી.



© OCR 2007

નીચેના સવાલોમાં ખાલી જગા પૂરો. ખાનામાંથી શબ્દો પસંદ કરો.

| | |
|---|---|
| આરામ | પ્રેમ |
| એકલા | મનોરંજન |
| ~~ઉપયોગી~~ | વખત |
| કામ | વાર્તાલાપ |
| ધ્યાન | સાથે |

દાખલો:

બાળકો માટે ટેલિવિઝન ઘણી રીતે ..ઉપયોગી.... છે.

1 બાળકો ટીવીમાંથી ઘણું ............ મેળવી શકે છે. [1]

2 બાળકો અને માબાપોએ શિક્ષણના કાર્યક્રમો .......... જોવા જોઈએ. [1]

3 માબાપના .......... વગર બાળકો વધારે સમય ટીવી જુવે છે. [1]

4 ઘણાં ઘરોમાં નાના મોટા વચ્ચે ............ નથી હોતો. [1]

5 આજે બાળકોને વાંચવા માટે ઓછો ........... હોય છે. [1]

6 બાળકોને પૂરતો ........... ન મળવાથી તેઓ વર્ગમાં ધ્યાન નથી આપતાં. [1]

[Total: 6 marks]

© OCR 2007

**Exercise 2: Questions 7–12**

દરેક ફકરો વાંચો.

# નિશાળ વિષે માહિતી

**ક** મહેરબાની કરીને ધ્યાનમાં રાખશો કે નિશાળના આજુબાજુના સાંકડા રસ્તાઓ પર ગાડી રાખવી ગેરકાયદેસર છે.

**ખ** બાળકની સલામતી સાચવવા કોઈ પણ બાળકને નિશાળના સમયે ડોકટર પાસે એકલા જવા દેવામાં નહીં આવે.

**ગ** અમને આશા છે કે બધાં માબાપ નિશાળ માટે પૈસા ભેગા કરવાની પ્રવૃત્તિઓમાં ભાગ લઈને સહાય કરશે.

**ઘ** વર્ષમાં બે વખત બધાં માતાપિતાને બાળકોના ભણતરની પ્રગતિ જાણવા આમંત્રણ આપવામાં આવશે.

**ચ** બાળકો બીમાર હોય તો જ ઘેર રાખવા, નહિતર તેઓએ નિશાળે હાજરી આપવી.

**છ** બપોરે બાળકો નિશાળમાંથી ખાવાનું ખરીદી શકે છે અથવા તો ઘેરથી સાથે ખાવાનું લાવી શકે છે.

~~**જ**~~ નિશાળે નકકી કરેલાં કપડાંમાં જ બાળકોને નિશાળમાં મોકલવાં.

**ઝ** માબાપની ફરજ છે કે નિશાળેથી બાળકોને આપેલું કામ પોતાની સહી કરીને પાછું મોકલે.

નીચેનાં દરેક મથાળાની સામે સાચા ફકરાનો અક્ષર મૂકો.

| દાખલોઃ | **મથાળું** | **ફકરાનો અક્ષર** |
|---|---|---|
| | ગણવેશ | **જ** |

| | **મથાળું** | **ફકરાનો અક્ષર** | |
|---|---|---|---|
| 7 | માબાપ સાથે સંપર્ક | | [1] |
| 8 | બપોરના જમવાનો સમય | | [1] |
| 9 | ગેરહાજર | | [1] |
| 10 | ગાડી ઊભી રાખવાની જગા | | [1] |
| 11 | ઘરકામ | | [1] |
| 12 | માબાપ તરફથી મદદ | | [1] |

[Total: 6 marks]

© OCR 2007

[Turn over

**Exercise 3: Questions 13–17**

સલમાએ લખેલો પત્ર વાંચો.

૧૫ મે ૨૦૦૭

પ્રિય અમિના

કેમ છે ?

મને કામે ઘણી તકલીફો છે. તું જાણે છે કે હું ઘણા વખતથી અહીં અમદાવાદમાં કામ કરું છું. હવે તેઓ અહીંથી એક કાર્યકરને બીજો અનુભવ મેળવવા માટે મુંબઇની ઓફિસમાં મોકલવા માગે છે, એટલે મેં અરજી કરવાનું નક્કી કર્યું છે.

હું શુક્રવારે મારા મેનેજરને પૂછવા ગઇ કે, "હું મુંબઇની કચેરીમાં જઇ શકું ?" તેણે તરત જ કહ્યું કે તે સ્ત્રીનું કામ નથી કારણ કે એકલી સ્ત્રીને અજાણી જગાએ જઇને કામ કરવું બરાબર નથી અને મુંબઇ તો બહુ ખતરનાક જગા છે.

તું કલ્પના કરી શકે છે કે મને શું થયું હશે ! મને ગુસ્સો હતો પણ શાંતિથી તેને જણાવ્યું કે હું મુંબઇમાં ભણી હતી અને અગાઉ ત્યાં કામ પણ કર્યું હતું. ત્યારે ત્યાં કંઇ બીક જેવું લાગ્યું ન હતું.

તેનો જવાબ હતો કે મુંબઇની ઓફિસમાં ફક્ત પુરુષ માટે જ જગા છે.

મને લાગે છે કે હવે હું ઓછા પગારે પણ બીજી કંપનીમાં કામ શોધીશ કારણ કે ઘણી જગાએ પુરુષો સ્ત્રીઓ સામે ભેદભાવ નથી રાખતા.

અમિના તું મને સલાહ આપ કે હું શું કરું ?

જલ્દી જવાબ લખજે.
લિ. સલમા.

© OCR 2007

ગુજરાતીમાં ખાલી જગા પૂરો.

દાખલોઃ

સલમાનું ઘણાં વર્ષોથી એક જ ...કામ.... છે.

13 સલમાને વધારે .......... લેવા મુંબઈમાં નવું કામ જોઈએ છે. [1]

14 મેનેજરે કહ્યું કે મુંબઈ એકલી .......... માટે સલામત જગા નથી. [1]

15 સલમાને .......... હોવા છતાંયે તેણે શાંતિથી વાત કરી. [1]

16 સલમાને મુંબઈ વિષે ખબર હતી કારણ કે તે ત્યાં .......... હતી. [1]

17 સલમા બીજા કામમાં ઓછો .......... લેવા તૈયાર હતી. [1]

[Total: 5 marks]

© OCR 2007

[Turn over

**Exercise 4: Questions 18–25**

સુલેખાનો લેખ વાંચો.


# દુનિયા બચાવવા કચરો ઓછો કરો

તમે માની નહીં શકો કે છેલ્લા દસ વર્ષમાં મેં કચરાની ફક્ત દસ કોથળીઓ જ ફેંકી છે! આનું કારણ છે કે હું નકામી બધી જ વસ્તુઓને ફરી ઉપયોગમાં લઉં છું અને વધારાનું કંઇ ખરીદતી નથી. દા.ત. હું થોડાક જ સાબુ અથવા શામ્પૂ ખરીદું છું છતાંયે મારા વાળ અને ચામડી સારા રહે છે.

તાજાં ફળ અને શાકભાજી હું પ્લાસ્ટિકમાં વીંટિલાંની બદલે છુટાં લઉં. તેલની બાટલી પ્લાસ્ટિકની બદલે કાચની લઉં જેથી ખાલી થાય ત્યારે તેને લીલી પેટીમાં ફરી ઉપયોગ માટે મૂકી દઉં.

રસોડામાંથી બધો શાકભાજીનો કચરો સીધો ખાતરના ઢગલામાં જાય. આથી મારા બાગમાં ફુલ પણ સરસ ખીલ્યાં છે. મને કોઇ દિવાળી કાર્ડ મોકલે તો હું તેમાં નવો સંદેશો લખીને બીજે વર્ષે તેમને પાછું મોકલું. મારું માનવું છે કે આ રીતે આપણે ઘણાં ઝાડ બચાવી શકીએ.

આજે વૈજ્ઞાનિકોને ચિંતા છે કે આપણે દર વર્ષે અઢળક કચરો ફેંકીને દુનિયાનું પર્યાવરણ બગાડીએ છીએ. આ બગાડનો અંત લાવવો ખૂબ જ જરૂરી છે.



© OCR 2007

નીચેના વાકયોને પૂરાં કરવા ખાનામાંથી યોગ્ય અક્ષર પસંદ કરીને મૂકો.

| | | |
|---|---|---|
| દાખલોઃ | સુલેખાએ ઘણા સમયથી | ઘ |

| | | | |
|---|---|---|---|
| 18 | તે બધી જ વસ્તુઓને | | [1] |
| 19 | સુલેખા માને છે કે જરૂરિયાત વગર | | [1] |
| 20 | પોતાનું સૌંદર્ય જાળવવા સુલેખાને | | [1] |
| 21 | તે પ્લાસટિકમાં વીંટિલાં ફળોને બદલે | | [1] |
| 22 | ખાવાના કચરામાંથી | | [1] |
| 23 | શુભેચ્છા પાઠવવા મળેલા કાર્ડમાં | | [1] |
| 24 | કચરાના ઢગલાઓથી | | [1] |
| 25 | સુલેખાની માન્યતા છે કે દુનિયાને બચાવવા | | [1] |

[Total: 8 marks]

| | |
|---|---|
| ક | ખાતર બને છે. |
| ખ | છૂટા લે છે. |
| ગ | પૃથ્વી બગડી રહી છે. |
| ~~ઘ~~ | કચરો બહુ થોડો કાઢયો છે. |
| ચ | તે પાછો સંદેશો લખે છે. |
| છ | પાછી વાપરે છે. |
| જ | વસ્તુઓ ખરીદવી નહીં. |
| ઝ | તેના જીવનનું અનુકરણ કરવું. |
| ટ | થોડીક જ વસ્તુઓની જરૂર પડે છે. |
| ઠ | વસ્તુઓ લીલી પેટીમાં નાખવી. |

© OCR 2007

**Exercise 5: Questions 26–28**

# પ્રવાસન

ભારતીય સહેલાણીઓ માટે લંડન જેવા શહેરોમાં ઘણાં આકર્ષણો છે.

મુંબઈમાં ટુરિસ્ટ બૉર્ડે એક કાર્યક્રમ યોજ્યો હતો. ત્યારે બ્રિટનના એક ઉપરીએ જણાવ્યું કે બહારથી ફરવા આવે તેઓ લંડનના પરિવારો સાથે તથા ત્યાંની યુનિવર્સિટીની હોસ્ટેલોમાં રહેવાની સગવડો વધારે પસંદ કરે છે. હોટલ કરતાં તેનો ખર્ચ ઓછો થાય.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ઘણા ભારતીય લોકો માટે ઈંગ્લેન્ડ અને બીજા દેશોમાં ફરવા જવાનું સહેલું બની ગયું છે. એક તો લોકોનાં કામધંધા વધ્યા છે એટલે પૈસાની છૂટ થઈ છે. બીજું પરદેશ જવાની સુવિધાઓ પણ વધી છે. વળી વેપારધંધાને કારણે આાંતરરાષ્ટ્રિય સંબંધો પણ વધ્યા છે.

હવે ભારતની સરકાર પણ લોકોને બીજા દેશોમાં જવા ઉત્તેજન આપે છે. કયા કયા દેશોમાં કેવી રીતે પર્યટન કરી શકાય તે અંગે ટુરિસ્ટ બૉર્ડ સલાહ આપે છે.

© OCR 2007

Answer the questions in **English**.

**Example**

**Q.** Why do tourists want to come to London?

**A.** because of many attractions

**26** In the opinion of a British spokesperson, which two types of accommodation do tourists prefer?

**(a)** ______________________________ [1]

**(b)** ______________________________ [1]

**27** Why has it become easier for Indians to travel abroad in the last few years?

**(a)** ______________________________ [1]

**(b)** ______________________________ [1]

**28** How does the Indian Government encourage people to travel abroad?

______________________________ [1]

[Total: 5 marks]

© OCR 2007

BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2007

BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2007

PLEASE DO NOT WRITE ON THIS PAGE

Permission to reproduce items where third-party owned material protected by copyright is included has been sought and cleared where possible. Every reasonable effort has been made by the publisher (OCR) to trace copyright holders, but if any items requiring clearance have unwittingly been included, the publisher will be pleased to make amends at the earliest possible opportunity.

OCR is part of the Cambridge Assessment Group. Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2007